


# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૦ આસો સુદ છઠ બુધવાર ૯ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૭૮

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦


# હરિયાણામાં ભાજપની હેટ્રિક, કાશ્મીરમાં NC-કોંગ્રેસ

ચંદીગઢ/શ્રીનગરઃ ભાજપે મંગળવારે હરિયાણામાં સત્તા વિરોધી લહેરને પાર કરીને અને કોંગ્રેસની પુનરાગમનની આશાઓને ધૂળ ચટાડીને હેટ્રિક જીત મેળવી હતી, જ્યારે નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધને 2019માં કલમ 370 નાબૂદ કર્યા પછી જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ ચૂંટણીમાં અદભૂત જીત મેળવી હતી. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની નિર્ણાયક જીત, જેના માટે મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો હતો, તે મહારાષ્ટ્રમાં અને ઝારખંડ અને દિલ્હીમાં પણ નિર્ણાયક ચૂંટણીઓ પહેલા ભગવા પક્ષ માટે એક મોટું પ્રોત્સાહન હતું, જ્યાં તે તેના બે સહયોગીઓ સાથે સખત લડતની તૈયારી કરી રહ્યો છે. ભાજપ તેમજ એન. સી.-કોંગ્રેસ ગઠબંધનને હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં અનુક્રમે આરામદાયક બહુમતી મળી હતી, જ્યાં વિધાનસભા બેઠકોની સંખ્યા સમાન 90 હતી

## એક્ઝિટ પોલ્સ ફરી ખોટા પડ્યા

**હરિયાણામાં** કોંગ્રેસની જીતની આગાહી કરાઈ હતી પણ જીત્યો ભાજપ

**નવી દિલ્હી, તા. 8 (PTI):** એક્ઝિટ પોલ્સ જેણે હરિયાણામાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી આપી હતી અને જમ્મુ કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સને સૌથી મોટી પાર્ટી હોવાની આગાહી કરી હતી તે ફરીથી મતદારોની નાડ પારખવામાં થાપ ખાઈ ગયા હોવાનું જણાય છે.

વિધાનસભા ચૂંટણીઓના પરિણામો દર્શાવે છે કે ભાજપ હરિયાણામાં રેકોર્ડ સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઈ રહ્યો છે જ્યારે નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસનું ગઠબંધન જમ્મુ અને કાશ્મીરમાં સહેલાઈથી સત્તા પર આવશે.

લગભગ તમામ એક્ઝિટ પોલ્સે આગાહી કરી હતી કે હરિયાણાની 90 સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસ 50 કરતા વધુ બેઠકો જીતશે જ્યારે ભાજપ 30ના ચિન્હને પાર કરવામાં પણ સંઘર્ષ કરશે.

જો કે પરિણામો આવતા ભાજપે હરિયામામાં 48 બેઠકો જીતી

...અનુસંધાન પાના 5 પર



## હરિયાણાના ઈતિહાસમાં પહેલીવાર હેટ્રિક

**6 મહિના** અગાઉ જ હરિયાણાના સીએમ બનેલા નાયબ સૈની પદ જાળવી રાખશે

**જો કે** 10માંથી 8 પ્રધાનો અને સ્પીકર પણ હાર્યા, ભાજપનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ દેખાવ

હરિયાણામાં ભાજપની ફોર્મ્યુલા ત્રીજી વખત હિટ નીવડી હતી, પરંતુ તેમાં ટ્વિસ્ટ આવ્યો હતો. 'જાટ વિરુદ્ધ બિન-જાટ'ની રાજનીતિએ બિન-જાટોને એકઠા કર્યા, જ્યારે જાટોના ગઢમાં 7 નવી બેઠકો જીતી. હરિયાણાના 57 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર કોઈ પાર્ટી સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઈ રહી છે.

જ્યારે 54 વર્ષીય ઓ. બી. સી. નેતા સૈની, જેમને છ મહિના પહેલા અણધારી નિમણૂકમાં મનોહર લાલ ખટ્ટરના સ્થાને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા, તેમનું પદ જાળવી રાખવાની સંભાવના છે.

જ્યારે ભાજપને અત્યાર સુધીની સૌથી વધુ 48 બેઠકો મળી હતી, જે કોંગ્રેસ કરતા 11 વધુ હતી, ત્યારે જેજેપી અને આપ જેવા પક્ષોનો સફાયો થયો હતો અને

...અનુસંધાન પાના 5 પર




### હરિયાણા

**કુલ બેઠકો 90. બહુમત માટે જરૂરીઃ 46**

| પક્ષ | 2024 | મતની ટકાવારી | 2019 |
|---|---|---|---|
| ભાજપ | 48( +8 ) | 39.90% | 40 |
| કોંગ્રેસ | 37( +6 ) | 39.0% | 31 |
| જેજેપી | 00( -10 ) | 0.9% | 10 |
| લોકદળ-બસપા | 02( +1 ) | 5.9% | 01 |
| અન્ય | 03( -5 ) | 14.3% | 08 |

### વિનેશ ફોગાટે જુલાણા બેઠક જીતી, તેને સંઘર્ષની જીત ગણાવી



**ચંડીગઢ.** કોંગ્રેસની ઉમેદવાર અને કુસ્તીબાજ વિનેશ ફોગાટે મંગળવારે હરિયાણાની જુલાના વિધાનસભા બેઠક પરથી તેણીની પ્રથમ ચૂંટણી જીતને 'સંઘર્ષની જીત' અને 'સત્યની જીત' ગણાવી હતી.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ફોગાટે તેના નજીકના હરીફ અને ભાજપના ઉમેદવાર યોગેશ કુમારને 6,015 મતોના માર્જિનથી હરાવ્યા હતા. ફોગાટને 65,080 વોટ મળ્યા હતા, જ્યારે ભાજપના કુમારને 59,065 વોટ મળ્યા હતા. મતદાનના પરિણામ પછી પત્રકારો સાથે વાત કરતાં 30 વર્ષીય ફોગાટે કહ્યું,

...અનુસંધાન પાના 5 પર

### ભાજપ-કોંગેસ બેઉનો મતહિસ્સો

નોંધપાત્ર બાબત એ છે કે ભાજપ અને કોંગ્રેસનો મત હિસ્સો અનુક્રમે લગભગ સેમ--39.94 ટકા અને 39.04 ટકા હતો. જ્યારે કોંગ્રેસે તેના વોટ શેરમાં 11 ટકાનો જંગી વધારો કર્યો હતો, ત્યારે ભાજપનો વોટ શેર ત્રણ ટકા વધ્યો હતો. કોંગ્રેસના હાઈ પ્રોફાઇલ વિજેતાઓમાં કુસ્તીબાજમાંથી રાજકારણી બનેલી વિનેશ ફોગાટ હતી, જેમણે ઓલિમ્પિક મેડલ ગુમાવ્યો ત્યારે લાખોનાં દિલ તોડી નાખ્યા હતા. તેમણે જુલાના બેઠક 6,015 મતોથી જીતી હતી.

### ગયા વખતની કિંગ મેકરનો સફાયો, આપનું ખાતું ન ખુલ્યું

જનનાયક જનતા પાર્ટી, જે છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં કિંગમેકર તરીકે ઉભરી આવી હતી, તે આ વખતે હારી ગઈ હતી, જ્યારે ઇન્ડિયન નેશનલ લોક દળ પણ વધુ અસર પેદા કરવામાં નિષ્ફળ રહ્યું હતું, જેમાં બંને સંગઠનોના અગ્રણી નેતાઓ દુષ્યંત ચૌટાલા અને અભય સિંહ ચૌટાલા તેમની બેઠકો હારી ગયા હતા. આપનું પણ ખાતું ખુલ્યું

...અનુસંધાન પાના 5 પર

તા. ૦૮-૧૦-૨૦૨૪નું વડોદરા શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૨° સે. | ૨૫.૨° સે. | ૩૮% |

## હરિયાણાની ચૂંટણીમાં કેટલાંક રાજવંશોને હારનો સામનો કરવો પડ્યો

**પાંચ** દાયકાથી વધુ સમયમાં પ્રથમ વખત ભજનલાલ પરિવાર હિસાર જિલ્લામાં આદમપુર બેઠક હારી ગયો

ચંદીગઢ, તા. 8 (પીટીઆઈ): હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો ઘણા રાજવંશો માટે આંચકા સમાન હતા જેઓ મેદાનમાં ઉતર્યા હતા જ્યારે ઘણા અગ્રણી ચહેરાઓને ધૂળ ચાટવી પડી હતી, જોકે કેટલાક વિજયી બન્યા હતા.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભજન લાલ, બંસી લાલ અને દેવીલાલના ઘણા વંશજો મેદાનમાં ઉતર્યા હતા.

પાંચ દાયકાથી વધુ સમયમાં પ્રથમ વખત ભજનલાલ પરિવાર હિસાર જિલ્લામાં આદમપુર બેઠક હારી ગયો હતો, જે પરિવારનો પરંપરાગત ગઢ છે.

હારેલા લોકોમાં ઈન્ડિયન નેશનલ લોકદળના (આઈએનએલડી) નેતા અભય સિંહ ચૌટાલા, ભાજપના ભવ્ય બિશ્નોઈ અને જેજેપીના દુષ્યંત ચૌટાલાનો સમાવેશ થાય છે, જ્યારે વિજેતાઓની યાદીમાં ભાજપનાં શ્રુતિ ચૌધરી અને આરતી રાવ સિંહ સામેલ છે.

આદમપુર બેઠક પરથી, ભાજપે

...અનુસંધાન પાના 5 પર

### જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસની યુતિને બહુમતી

## ઓમર અબ્દુલ્લા કાશ્મીરના મુખ્ય મંત્રી બનશે




**આમ** આદમી પાર્ટીએ ખાતું ખોલ્યું, મહેબુબાની દીકરી હારી ગઈ

**કાશ્મીરના** ભાજપના વડા પણ હાર્યા લોકસભા ચૂંટણી હારેલા ઓમર અબ્દુલ્લા બેઉ બેઠકો જીત્યા

શ્રીનગર, તા. 8 : એન. સી. અને કોંગ્રેસનું ગઠબંધન, જે વિપક્ષી જૂથ ઇન્ડિયા બ્લોકના ઘટક છે અને કાશ્મીરમાં સરકાર રચવા માટે તૈયાર છે, તેણે દાવ પર રહેલી 90 બેઠકોમાંથી 48 બેઠકો જીતી હતી.

2019માં કાશ્મીરને પણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત

...અનુસંધાન પાના 5 પર




### જમ્મુ કાશ્મીરમાં એન્જિનિયર રશીદની પાર્ટી અને જમાત-એ-ઈસ્લામી નિષ્ફળ ગઈ

**પરિણામો** દર્શાવે છે કે રાજ્યના લોકોએ અલગતાવાદી ઉમેદવારોનો અસ્વીકાર કર્યો, કેટલાંકની ડિપોઝીટ પણ ડુલ થઈ

શ્રીનગર, તા. 8 (પીટીઆઈ): કાશ્મીર ખીણમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે એન્જિનિયર રશીદની આગેવાની હેઠળની અવામી ઇત્તેહાદ પાર્ટીના અને જમાત-એ-ઇસ્લામી સહિતના અલગતાવાદી ઉમેદવારોનો

...અનુસંધાન પાના 5 પર

### જમ્મુ અને કાશ્મીર

**કુલ બેઠકો 90. બહુમત માટે જરૂરીઃ 46**

| પક્ષ | 2024 | મતની ટકાવારી | 2014 |
|---|---|---|---|
| નેશનલ કોન્ફરન્સ | 42 ( +27 ) | 23.4% | 15 |
| કોંગ્રેસ | 06 ( -06 ) | 11.9% | 12 |
| ભાજપ | 29 ( +04 ) | 25.6% | 25 |
| પીડીપી | 03 ( -25 ) | 8.8% | 28 |
| અન્ય | 10 ( +03 ) | 30.3% | 07 |

### કાશ્મીરમાં ભાજપે 29 બેઠકો જીતી તેનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ દેખાવ કર્યો

જમ્મુ, 8 ઓક્ટોબર (પીટીઆઇ) જમ્મુ-કાશ્મીરમાં કલમ 370 નાબૂદ થયા બાદ પ્રથમ વિધાનસભા ચૂંટણીમાં 29 બેઠકો જીતીને ભાજપ બીજા ક્રમની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે, જેણે 2014ની ચૂંટણીમાં નોંધાયેલી 25 બેઠકોની તેની અત્યાર સુધીની સર્વોચ્ચ બેઠકોમાં સુધારો કર્યો છે. જમ્મુ ક્ષેત્રના તેના મજબૂત ગઢ પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરીને ભાજપે આ વખતે દૂર ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જો કે, તે રાજૌરી અને પૂંચ જિલ્લાના પીર પંજાલ વિસ્તારમાં પ્રવેશ

...અનુસંધાન પાના 5 પર

## કોંગ્રેસે ઈવીએમ પર શંકા ઉઠાવી

**99%** બેટરીવાળા ઈવીએમ પર ભાજપ જીત્યો અને 60-70% બેટરીવાળા ઈવીએમ પર ભાજપ!

**નવી દિલ્હી, તા. 8 (PTI).** કોંગ્રેસે મંગળવારે કહ્યું હતું કે, તે હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામોને સ્વીકારી શકતી નથી. કારણ કે, કેટલાક જિલ્લાઓમાં મતગણતરી પ્રક્રિયા અને ઈવીએમની કામગીરીની પ્રામાણિકતા વિશે ગંભીર મુદ્દાઓ છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે આ બાબતને ચૂંટણી પંચ સમક્ષ ઉઠાવશે.

ષડયંત્રનો આરોપ લગાવતાં વિપક્ષી પાર્ટીએ કહ્યું કે, હરિયાણામાં લોકશાહી હારી ગઈ અને વ્યવસ્થા જીતી ગઈ.

ખેરાએ આક્ષેપ કર્યો હતો કે હિસાર, મહેન્દ્રગઢ અને પાણીપતથી

...અનુસંધાન પાના 5 પર

## બેટરીની ક્ષમતા અને પરિણામો વચ્ચે કોઈ સંબંધ નથીઃ ચૂંટણી પંચનાં સૂત્રો

**નવી દિલ્હી, તા. 8 (PTI).** ચૂંટણી પંચનાં સૂત્રોએ મંગળવારે કોંગ્રેસના નેતાઓ દ્વારા હરિયાણાની કેટલીક બેઠકોમાં ઈવીએમ સાથે કથિત છેડછાડના દાવાને ફગાવી દીધા હતા, જ્યાં અલગ-અલગ બેટરી ક્ષમતાવાળાં મશીનોએ જુદાં-જુદાં પરિણામો આપ્યાં હતાં.

સૂત્રો કોંગ્રેસના નેતાઓના એ દાવા પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા કે હિસાર, મહેન્દ્રગઢ અને પાણીપતથી ફરિયાદો મળી છે કે, ત્યાં 99 ટકા બેટરીવાળાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈવીએમ) છે જેના પર ભાજપ જીતી ગઈ છે, જ્યારે 60-70 ટકા બેટરીવાળાં મશીનો પર કોંગ્રેસ જીતી.

પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે મંગળવારે જણાવ્યું હતું કે, ''શું તમે

...અનુસંધાન પાના 5 પર


